ઈશ્વરના ચોપડામાં આપણું બોલેલું કે વાંચેલું નહીં પરંતુ આપણું કરેલું નોંધાય છે
- મુનિ વિજયચંદ્ર સુરીશ્વરજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૬ | ૨૬ જૂન, ૨૦૧૪, ગુરૂવાર; જેઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્યમાં નબળા ચોમાસાના પગલે તંત્ર સજ્જ

## મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં પ્રધાનોની પેટા સમિતીની રચના : પેટા સમિતિની આજે અતિમહત્વપૂર્ણ બેઠક યોજાશે

## અછતગ્રસ્ત અને અર્ધ અછતગ્રસ્ત અંગે નીતિ વિષયક નિર્ણય લેવાય તેવી વકી : તૈયારી હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૩-૧૪ના ચોમાસામાં કચ્છ અને અબડાસા તાલુકામાં અનિયમિત વરસાદ થવાના પરિણામે કચ્છના બે તાલુકાના ૧૦૬ ગામો અર્ધ અછતગ્રસ્ત છે. વધુ આગામી ૨૦૧૪ જૂનના ચોમાસામાં ૯૫ ટકા વરસાદની સંભાવના હવામાન વિભાગે કરી છે ભૂતકાળના અનુભવોને ધ્યાને રાખીને રાજ્યમાં આગામી દિવસોમાં ઉભી થનારી સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઈને મંત્રીમંડળની પેટાસમિતિની રચના કરવામાં આવી છે. જેની આવતીકાલે ગુરૂવારે મહત્વની બેઠક મળશે.

રાજ્યમાં આગામી સમયમાં વરસાદ ખેંચાય તેવા સંજોગોમાં ઉભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે પાણી, ઘાસચારો, રોજગારી, સિંચાઈ, ઊર્જા વગેરેની પરિસ્થિતિની સમિક્ષા કરવા અછતગ્રસ્ત અને અર્ધ અછતગ્રસ્ત અંગે જાતિ વિષયક નિર્ણય લઈને

તેના અમલીકરણ હેતુસર મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને મંત્રીમંડળની પેટાસમિટીની રચના કરવામાં આવી છે. સભ્ય તરીકે ઉર્જા અને આયોજન મંત્રી સૌરભ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, બાબુભાઈ બોખરીયા, કૃષિ મંત્રી તેમજ ગોવિંદભાઈ પટેલ અન્ન અને નાગરીક પુરવઠો અને વન-પર્યાવરણની સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. આ કમિટીમાં ૧૫ જેટલા અધિકારીઓને આમંત્રિત સભ્યો તરીકે સ્થાન આપવામાં આપ્યું છે. જેના મુખ્ય સચિવ, મુખ્ય સચિવ, નાણાં, મુખ્યસચિવ, સામાન્ય વહીવટી, વિભાગ અધિક મુખ્ય સચિવ વન અને પર્યાવરણ, અધિક મુખ્ય સચિવ (ઉર્જા), અગ્રસચિવ મહેસુલ રાહત કમિશ્નર, કૃષિ પાણી પુરવઠા, સિંચાઈ, અગ્ર મુખ્ય વનસંરક્ષણ, એમડી સરદાર સરોવર નર્મદા નિગમ તથા રાહત નિયામકનો સમાવેશ આ

● અનુસંધાન પાન-૭ પર

# જીલ્લામાં આગોતરા આયોજન માટે સૂચના

ગાંધીનગર, તા. ૨૫

વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી પરિસ્થિતિ પર તંત્રને ચાંપતી નજર રાખવા અને ઉભી થનારી સ્થિતિ પર આગોતરૂ આયોજન હાથ ધરવા માટેની સૂચનાઓ રાજ્ય સરકારે મહેસુલ વિભાગને આપી દીધી છે.

રાજ્યમાં જો અછતની સ્થિતિ ઉભી થાય તો પેયજળ અંગેનો માસ્ટર પ્લાન, ઘાસચારાની જરૂરિયાત તેમજ લોકોને રોજગારી મળી રહે તે માટેનું આયોજન હાથ ધરવા ગ્રામ વિકાસ વિભાગ, સિંચાઈ વિભાગ તેમજ પાણી પુરવઠા વિભાગને જણાવી દેવામાં આવ્યું છે. ૫મી જુલાઈ સુધીમાં આ અંગેનું આયોજન તૈયાર થઈ જાય તે જોવા પણ જણાવાયું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ મનરેગા યોજના સહિત વિવિધ સ્ત્રોતોમાંથી રોજગારીની તકોના નિર્માણ પર વિશેષ ભાર મુકવામાં આવે તે માટે પણ જણાવવામાં આવ્યું છે.

જૂન માસમાં સામાન્યતઃ વરસાદનું પ્રમાણ ઓછુ રહેતું હોય છે. પરંતુ સરકારે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ આગોતરૂ આયોજન હાથ ધરવા માટે જણાવી દીધું છે.

કચ્છ જિલ્લામાં તો દુષ્કાળની સ્થિતિ ૨૦૦ ગામોમાં જાહેર કરી દેવાઈ છે. આ ગામોની સ્થિતિ અંગે પણ તંત્ર દ્વારા ગંભીરતાથી મોનીટરીંગ થઈ રહ્યું છે. સરકાર હજુ પણ ચોમાસુ એકાદ સપ્તાહમાં સક્રિય થશે તેવી આશા રાખી રહેલ છે.

જો કે રાજ્યના કૃષિ વિભાગના સચિવશ્રી રાજકુમારે દરેક જિલ્લા કલેક્ટરોને પત્ર પાઠવી ઘાસચારાની સ્થિતિ તેમજ બિયારણોની ઉપલબ્ધિ માટે સમીક્ષા બેઠક યોજવા અને આકસ્મિક પાક-આયોજનમાં પણ ઘાસચારાનું વાવેતર વધુ થાય તે જોવા પર ભાર મુકી તંત્રને એલર્ટ કરી દીધું છે.

રાજ્યના મહેસુલ સચિવશ્રી મુકીમ અને રાહત કમિશનરથી પણ તંત્રના અધિકારીઓ સાથે વાતચીત કરી પરિસ્થિતિનો કયાસ મેળવી રહ્યા છે.



## વરસાદના સંજોગો ન સર્જાતા ચિંતાના વાદળો

### વધુ પડતો પવન અને જમીનમાં ભેજનું ઓછુ પ્રમાણ ચિંતા સર્જે છે સારેરાશ વરસાદ ૩૫ ઈંચ રહેશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં હાલ ક્યાંય વરસાદના સંજોગો નથી. વેધર એનાલિસ્ટ અને આગાહીકારોના મત પણ ચિંતા ઉપજાવે છે. આ મહિને ક્યાંય વરસાદના સંજોગો ન હોવાનું જણાય છે. આગામી મહિને વાવણીલાયક વરસાદ પડશે. હાલમાં પવનની ગતિ સામાન્ય કરતા વધુ છે જે ચોમાસાને પાછળ ધકેલી રહ્યા છે.

દેશભરમાં ચોમાસુ હાલ નિષ્ક્રિય છે. આ મહિને મેઘરાજા જોરદાર વરસાદ વરસાવે તેવી કોઈ શક્યતા નથી. હાલ ઘણા પરીબળો કામ કરી રહ્યા છે જે આ મુજબ છે.

ગત ૧૫મીના સૌરાષ્ટ્રના દક્ષિણકિનારે અને દક્ષિણ ગુજરાત સુધી ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

# આજે જિલ્લાના અધિકારીઓ ૧૦૦ દિવસના લક્ષ્યાંકો અંગે કલેકટર સમક્ષ પ્રેઝન્ટેશન રજુ કરશે

ગાંધીનગર, તા. ૨૫

'ગતિશીલ ગુજરાત-૧૦૦ દિવસનું લક્ષ્યાંક' અંતર્ગત જિલ્લા કક્ષાએ પણ તેના અમલીકરણને લઈ તંત્રએ તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. આજે જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપ સમક્ષ આ અંગે દરેક કચેરીએ તેમનું પ્રેઝન્ટેશન તૈયાર કરી રજુ કરવાનું રહેશે.

આજે સાંજે જિલ્લાના તમામ અધિકારીઓની આ અંગે એક ખાસ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં દરેક અધિકારીને તેમના ખાતાના મુદ્દાઓ પર એક આખું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરવાની સૂચનાઓ આપી છે.

રાજ્ય સરકારે ૧૧ જેટલા વિભાગોની ૪૮થી વધુ બાબતોને આવરી લઈ લક્ષ્યાંકો ફાળવ્યા છે. આ સંદર્ભે હવે જિલ્લા કક્ષાએ પણ વિવિધ લક્ષ્યાંકો નિયત થશે અને તેના અમલીકરણ માટે તંત્રે કમર કસવાની રહેશે.

મળતી વિગતો પ્રમાણે મહિલા સશક્તિકરણ, પોષણમુક્ત જિલ્લો, મહાત્માગાંધી સ્વચ્છતા મિશન, ગરીબ કલ્યાણ મેળા, ચિંતન શિબિર, મહેસુલી રેકર્ડનું અદ્યતનીકરણ, ગુજરાત શહેરી વિકાસ મિશન અન્વયે પીવાનું પાણી અને ગટર વ્યવસ્થાના કામો, સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ, રોજગાર મેળાઓના આયોજન સહિતના મુદ્દાઓને આવરી લઈ આજે આ પ્રેઝન્ટેશનો રજુ કરવામાં આવશે.

જિલ્લા તંત્ર દ્વારા આ લક્ષ્યાંકો નિયત કરી દેવાયા બાદ તેનું દર ૧૫ દિવસે મોનીટરીંગ કરવામાં આવશે અને ૨૦મી ઓગષ્ટ સુધીમાં તેમાં મળેલ સફળતા અંગેનો વિગતવાર અહેવાલ રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

જિલ્લામાં વહીવટીતંત્ર વધુ લોકાભિમુખ બને તેના પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જિલ્લા આયોજન મંડળે જેની મંજુરી આપી છે તેવા વિકાસના કામોના વર્ક ઓર્ડર આપી સતત મોનીટરીંગ કરી તેના લોકાર્પણ સુધીની બાબતોનો પણ આમાં સમાવેશ થાય છે.

## અમિત શાહ ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના પૂર્વ ગૃહરાજ્યમંત્રી શ્રી અમિત શાહની ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદગી માટે આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે લીલીઝંડી આપતા હવે તેમની વિધિવત ઘોષણા ૨૮મી જૂનના રોજ દિલ્હી ખાતેથી થશે તેમ મનાઈ રહ્યું છે. આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની મળેલી એક મહત્વની બેઠકમાં શ્રી શાહના નામની પસંદગીને સ્વીકૃતિ આપવામાં આવી હતી.


**શ્રી ગાંધીનગર કુરીયર એસોસીએશન (સુચિત)**

**જાહેર વિનંતી**

ગાંધીનગરની કુરીયર, કાર્ગો અને ઈન્ટરનેશનલનો વ્યવસાય કરતી તમામ કંપની અને પેઢીનાં સંચાલકોને વિનંતી છે કે આપણા એસોસીએશનમાં સભ્ય બની આપણી કુરીયર ઈન્ડસ્ટ્રીઝની એકતાને વધુ મજબુત બનાવીએ.

આપ સૌના સહયોગની અપેક્ષા સહ...

મંત્રી ૯૮૨૪૦ ૩૫૨૨૦ | પ્રમુખ ૯૮૨૪૦ ૭૭૪૩૧

**મોકાની જગ્યા ભાડે / વેચાણ**

સેક્ટર-૧૧, ગાંધીનગરમાં ઓફીસ / બીઝનેસને લાયક ૧૫૫૦ ચો.ફૂટ જગ્યા ભાડે /વેચાણ આપવાની છે.

સંપર્ક : ૯૦૮૨૪૦ ૬૫૦૫૬

GPSC (1/2) Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
CSAT/GS 351 કુલ જગ્યાઓ
નોકરી / ધંધો તથા અભ્યાસ કરતા ઉમેદવારો માટે સ્પેશ્યલ સમયને અનુરૂપ નવી બેચ શરૂ !
રવિવાર માટેની સ્પેશ્યલ બેચ: બેચ શરૂ તા. : 06.07.14, સમય : સવારના 8.45 થી 3, ભણવાના દિવસ : રવિવાર
શનિ / રવિની ખાસ બેચ: બેચ શરૂ તા. : 12.07.14, સમય : સાંજના 6.30 થી 10.30, ભણવાના દિવસ : શનિ / રવિ
સોમ થી શુક (રાત્રિ ની બેચ): બેચ શરૂ થવાની તા. : 09.07.2014, બેચનો સમય : રાત્રિના 8.45 થી 10.45
સોમ થી શુક (સાંજની બેચ): બેચ શરૂ થવાની તા. : 02.07.2014, બેચનો સમય : સાંજના 6.30 થી 8.30
સોમવાર થી શુક્રવાર: (1) બેચ શરૂ થવાની તા. : 04.07.2014, સમય : સવારના 10.30 થી 12.30; (2) બેચ શરૂ થવાની તા. : 26.06.2014, બેચનો સમય : સાંજના 4.15 થી 6.15
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE | ફી ₹ 28,000/- (M) ₹ 24,000/- (F) | પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
માસ્ટર કોર્ષ-2014 તલાટી / કલાર્ક (વર્ગ-3 માટે જ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M) ચાર (4) માસનો કોર્ષ
સોમ થી શુક 21.6.14 બપોરના 12.45 થી 2.15 | 27.6.14 બપોરના 2.30 થી 4.00
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 - પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607 - પ્રથમ માળ, વિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)
26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%

એક્સલન્ટ ક્વૉલીટી ગેલન્ટ ટીએમટી સળીયા
An ISO 9001: 2008 Company
GALLANT An Integrated Steel Plant
GRADE FE 500/500 D /CRS
ગેલન્ટ ...Building Tomorrow
શુદ્ધ બિલેટથી બનેલ | જર્મન થર્મેક્સ ટેકનોલોજી (QST) | ભુકંપ પ્રતિરોધક
AUTH. DISTRIBUTOR : GALLANTT STEEL DISTRIBUTOR
MR. DARSHAN SHAH 9925025191
TER. INCHARGE MR. NAVEEN VARMA-9879533135
AGM MARKETING : MR. JIGAR ACHARYA 9879546599

HYUNDAI NEW THINKING. NEW POSSIBILITIES.
આ તહેવારમાં હ્યુંડાઈ તરફથી સ્પેશ્યલ ઓફરનો લાભ લો.
આજે જ બુક કરાવો અને રથયાત્રાના શુભ દિવસે ડીલીવરી મેળવો
જલ્દી કરો એક્સાઈઝ ડ્યુટી વધે તે પહેલા ખરીદો
i10 ₹ 29,500* સુધીની બચત | EON ₹ 34,350* સુધીની બચત | i20 ₹ 41,500* સુધીની બચત | VERNA ₹ 43,000*[P] ₹ 48,000*[D] સુધીની બચત
SANTRO ₹ 28,500* સુધીની બચત | ELANTRA ₹ 55,000* સુધીની બચત | SONATA ₹ 90,000* સુધીની બચત
Complete a peace of mind with 1002n nationwide e service outlets and 886 sales points across 667 cities.
સેન્ટ્રલ/સ્ટેટ ગવર્નમેન્ટ/પબ્લીક સેકટર યુનિટ અને બેંક કર્મચારીઓ માટે આકર્ષક ઓફર
PUNJAB HYUNDAI Call : 079-31907700
ગાંધીનગર : સેલ્સ : 9825084062, 9925042700 સર્વિસ : 9879047777 | કલોલ : 9825012126 | દહેગામ : 9825037928
PROMISE APPROVED USED CAR | SMS HCARE TO 54242 For HYUNDAI CARE Mobile App